# સુરતમાં નવા કોરોના વાયરસનો પ્રવેશ

## બહારથી આવતા લોકો માટે નિર્દેશ જાહેર કર્યો : કોરોનાના કેસ વધતા વરાછાની કેટલીક સોસાયટી સહિતના વિસ્તારોને ક્લસ્ટર ક્વોરન્ટાઇનમાં મૂકવામાં આવ્યા છે

સુરત,તા.૬

સુરતમાં કોરોના વાઈરસના ઝડપથી ફેલાતા યુકે સ્ટ્રેનના કેસ નોંધાયા છે. સુરત શહેરમાં કોરોનાના સામાન્ય કેસ પણ ચૂંટણી પછી માથું ઊંચકી રહ્યા છે તેવામાં પાલિકા દ્વારા ખાસ દિશા નિર્દેશો બહાર પાડવામાં આવ્યા છે. બહાર ગામથી સુરત આવતા લોકો માટે ટેસ્ટિંગ કરાવવાની સલાહ આપવામાં આવી છે અને ત્યારબાદ જ ઘરે જવું હિતાવહ હોવાના નિર્દેશો આપવામાં આવ્યા છે. શહેરીજનો કોરોનાની રસીથી વંચિત નહી રહે તે માટે રાત્રીના ૧૦ વાગ્યા સુધી નિયત કરેલા સેન્ટરો પર રસી આપવાનો નિર્ણય સુરત મનપા દ્વારા કરવામાં આવ્યો છે. આ સાથે કોરોનાનું સંક્રમણ વધતા બહારગામથી પરત ફરતા લોકોએ પહેલા કોરોનાનો ટેસ્ટ કરાવીને પોતાના ઘરમાં પ્રવેશ કરવો એવી અપિલ સુરત મનપા દ્વારા કરવામાં આવી છે. બહારગામથી ફરીને આવેલા વ્યક્તિને કારણે પરીવારના અન્ય સભ્યને ચેપ નહી લાગે તે માટે શહેરમાં પરત ફરેલા લોકોએ પહેલા પ્રાથમિકતાના ધોરણે કોવિડ પરિક્ષણ કેન્દ્રો તેમજ ધનંતરી આરોગ્ય રથ પર કોવિડ ટેસ્ટ કરાવ્યા બાદ પોતાના ઘરમાં પ્રવેશ કરવો તેવી અપિલ સુરત મનપા દ્વારા કરવામાં આવી છે. ૧૬મી જાન્યુઆરીથી કોરોનાની વેકસિનેશનો આરંભ કરવામાં આવ્યો હતો. પ્રથમ તબક્કામાં ફ્રન્ટલાઈનર વર્કરોને રસી આપવામાં આવી હતી. ત્યારબાદ ૧લી માર્ચથી ૬૦ વર્ષથી વધુ વયના વડીલો તેમજ ૪૫થી ૪૯ વર્ષના કો-મોર્બિડ વ્યક્તિને રસી આપવામાં આવી રહી છે. શહેરીજનો કોરોનાની રસીથી વચિત નહી રહે તે માટે રાત્રીના ૧૦ વાગ્યા સુધી રસી આપવાનો નિર્ણય સુરત મનપા દ્વારા કરવામાં આવ્યો છે. સેન્ટ સેન્ટ્રલ ઝોનમાં કડિયાવાલા અર્બન હેલ્થ સેન્ટર, વરાછા ઝોન એમાં સ્મીમેર હોસ્પટિલ, વરાછા ઝોન બીમાં નાના વરાછા અર્બન હેલ્થ સેન્ટર, રાંદેર ઝોનમાં પાલ હેલ્થ સેન્ટર, ક્લારગા ઝોનમાં કતારગામ હેલ્થ સેન્ટર, ઉધના ઝોનમાં બમરોલી હેલ્થ સેન્ટર, અઠવા ઝોનમાં અલથાણ અર્બન હેલ્થ સેન્ટર અને લિંબાયત ઝોનમાં ભાઠેના અર્બન હેલ્થ સેન્ટર પર રાત્રીના ૧૦ વાગ્યા સુધી કોરોનાની રસી આપવામાં આવશે. કોરોનાનું સંક્રમણ વધવાને કારણે પોઝીટીવ કેસનો આંકડો ૧૦૦ને પાર કરી ગયો છે. સંક્રમણને અટકાવવા માટે ફી શહેરના કેટલા વિસ્તારોને કલસ્ટર કરવાની ફરજ મનપાને પડી છે. પહેલા અસરગ્રસ્ત વિસ્તારને ક્લસ્ટર કરી દેવામાં આવતો હતો.

## રાજ્યમાં કોરોના સંક્રમણના નવા ૫૭૧ કેસ

### રાજ્યમાં કોરોનાનો કુલ આંક ૨,૭૨,૮૧૧ પર પહોંચી ગયો : આજે એક વ્યક્તિનું કોરોના વાયરસથી મોત થયું

ગાંધીનગર, તા.૬

રાજ્યમાં કોરોના વાયરસનું સંક્રમણનું પ્રમાણ ધીરે ધીરે ફરી વધી રહ્યું હતો તેવું લાગી રહ્યું છે. ત્યારે આજે રાજ્યના વિવિધ જિલ્લામાં કુલ ૫૭૧ દર્દીઓ નોંધાયા હતા. તેની સામે ૪૦૩ દર્દીઓ સાજા થઇને ઘરે પરત ફરી ચુક્યા છે. જ્યારે રાજ્યમાં આજે એક વ્યક્તિનું કોરોનાથી મોત થયું છે. જો કે, રાજ્યમાં કોરોનાનો કુલ આંક ૨,૭૨,૮૧૧ પર પહોંચી ગયો છે. જ્યારે કુલ રિકવર દર્દીઓ ૨,૬૫,૩૭૨ છે. આ સાથે કોરોનાથી દર્દીઓનો મૃત્યુઆંક ૪,૪૧૪ પર પહોંચ્યો છે.

અત્યાર સુધીમાં કુલ ૧૩,૭૪,૨૪૪ વ્યક્તિઓનું પ્રથમ ડોઝનું અને ૩,૩૦,૪૬૩ વ્યક્તિઓના બીજા ડોઝનું રસીકરણ પુર્ણ થયું છે. આજે ૬૦ વર્ષથી વધુ વયના તેમજ ૪૫ થી ૬૦ વર્ષના ગંભીર બિમારી ધરાવતા કુલ ૧,૩૧,૮૨૧ વ્યક્તિઓનું રસીકરણ કરાયું. અત્યાર સુધીમાં રાજ્યમાં એક પણ વ્યક્તિને આ રસીના કારણે ગંભીર આડઅસર જોવા મળી નથી. રાજ્ય સરકારના આરોગ્ય વિભાગની અસરકારક અને પરિણામલક્ષી કામગીરીના પરિણામે કોરોના કેસો કાબુમાં જોવા મળી રહ્યા છે. રાજ્યમાં આજે પોરબંદર, સુરેન્દ્રનગર, અને વલસાડ એમ કુલ ૩ જિલ્લામાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી. રાજ્યમાં કોવિડ-૧૯ ના ૫૭૧ દર્દીઓ નોંધાયા છે. અને રાજ્યભરમાંથી ૪૦૩ દર્દીઓ સાજા થઈને ઘરે પરત ફર્યા છે. આ સાથે જ રાજ્યનો રીકવરી રેટ ૯૭.૨૭ ટકા જેટલો છે.

રાજ્યમાં અત્યાર સુધીમાં આરોગ્ય વિભાગના સઘન પ્રયાસોના લીધે ૨,૬૫,૩૭૨ દર્દીઓએ કોરોનાને મ્હાત આપી છે. જો એક્ટિવ દર્દીઓની વાત કરીએ તો રાજ્યમાં હાલ ૩,૦૨૫ એક્ટિવ કેસ છે. વેન્ટિલેટર પર ૪૫ છે. જ્યારે ૨,૯૮૦ લોકો સ્ટેબલ છે. ૨,૬૫,૩૭૨ લોકોને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. ૪,૪૧૪ લોકોનાં મોત નિપજ્યા છે.

## સમાચાર રફ્તાર

- ભાજપના સાંસદ પ્રજ્ઞા ઠાકુરની તબીયત લથડી, છેલ્લા સમાચાર મુજબ સ્થિતિ ગંભીર.
- પશ્ચિમ બંગાળના નંદીગ્રામમાં મમતા બેનરજી સામે ભાજપે સર્વેન્દુ અધિકારીને ઉતાર્યા, વધુ ૫૭ ઉમેદવારોની જાહેરાત.
- રીલાયન્સ ટૂંક સમયમાં જીયો. લેપટોપ-જીયો બુક લોન્ચ કરશે.
- રવિવારે સવારે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અંબાજીમાં જગત જનનીનુ પૂજન અને દર્શન કરશે.
- દેશના નામાંકિત ઉદ્યોગપતિ લક્ષ્મીમિત્તલ અચાનક અમદાવાદ પહોંચ્યા, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી સાથે એરપોર્ટ પર જ મીટીંગ યોજાઈ.
- મથુરાના સાંસદ હેમા માલિનીએ મુંબઈમાં કૂપર હોસ્પિટલ ખાતે કોવિડ વેક્સીન લીધી.
- યાત્રાધામ ડાકોરમાં આગામી ફાગણી પૂનમનો મેળો બંધ રાખવાની કલેક્ટરની જાહેરાત.
- વડોદરા સોની પરિવારના આપઘાત પ્રકરણે મૃતક નરેન્દ્ર સોનીના પત્નિનું મૃત્યુ.
- અન્ના ડીએમકેએ તામિલનાડુમાં ભાજપને વીસ બેઠકો ફાળવી.
- રાજસ્થાન સરકારે પંજાબ, હરિયાણા, મધ્યપ્રદેશ અને ગુજરાતથી આવતા યાત્રિકો માટે કોવિડ નેગેટીવ રીપોર્ટ ફરજીયાત બનાવ્યો.
- તૃણમુલ કોંગ્રેસના સાંસદ દિનેશ ત્રિવેદી ભાજપામાં જોડાયા.
- પાકિસ્તાનના વડાપ્રધાન ઈમરાનખાન વિશ્વાસનો મત જીતી ગયા.
- ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટર અશોક ડિન્ડા અને પૂર્વ આઈપીએસ ઓફિસર ભારતી ઘોષના નામો ભાજપના ઉમેદવારોની યાદીમાં.




## વડગામમાં મેવાણી વિરોધી લખાણથી રાજકીય ગરમાવો

વડગામ તાલુકા મથકે જાહેર જગ્યાએ રાત્રીના સમયે દિવાલો પર 'મેવાણી હટાવો અને વડગામ બચાવો' નું લખાણ લખાતા વડગામ તાલુકામાં અનેક તર્ક વિતર્કો સર્જાયા છે. ધારાસભ્ય વિરુદ્ધ રાત્રીના સમયે આ લખાણ લખવામાં આવેલ છે પરંતુ આ બાબતનું લખાણ કોણે લખ્યું અને કેમ લખવામાં આવ્યુ છે ? તે હજુ જાણવા મળેલ નથી પણ હવે આ બાબતે શું તપાસ થશે તે જોવું રહ્યું. ધારાસભ્ય મેવાણીને હટાવવાના લખાણે વડગામ મથકે વેપારીઓમાં પણ અનેક તર્ક વિતર્કો સર્જાયા છે ત્યારે આ બાબતે શું કાર્યવાહી થાય છે ? તેના ઉપર તાલુકાવાસીઓની નજર મંડાઈ છે. વળી, ધારાસભ્ય મેવાણી ખુદ આ બાબતે શું નિર્ણય લેશે તે જોવું રહ્યું. હાલમાં તો આ લખાણથી રાજકીય ગરમાવો છવાયો હોય તેવો માહોલ વડગામ મથકે સર્જાયો છે.

## મેઘરજની ખાનગી હોસ્પિટલનો બાયોમેડીકલ વેસ્ટ જાહેરમાં નખાતાં રોષ



### તંત્ર કુંભકર્ણની નિદ્રામાંથી બહાર આવે

બાયડ, તા. ૬

મેઘરજની જલારામ હોસ્પિટલનો બાયોમેડીકલ વેસ્ટ ખુલ્લામાં નખાતા કેટલાક રહીશોએ રોષ વ્યક્ત કરી પ્રજાના આરોગ્ય માટે હાનિકારક બાયોમેડીકલ વેસ્ટ જાહેરમાં ફેંકતા હોસ્પિટલ સંચાલકો સામે કાર્યવાહીનો સૂર સામે આવ્યો છે. કોરોનાકાળ પછી અનેક હોસ્પિટલનો બાયોમેડીકલ વેસ્ટ જાહેરમાં ફેંકાતો હોવાની ફરીયાદ છે પરંતુ તંત્ર દ્વારા કાર્યવાહી કરવાના બદલે માત્ર તપાસ કરીશુનો ઠાલા આશ્વાસન આપવામાં આવી રહ્યા છે. મેઘરજની ખાનગી હોસ્પિટલનો બાયો મેડીકલ વેસ્ટ જાહેરમાં નંખાયા પછી બેદરકાર હોસ્પિટલ સંચાલકો સામે તત્કાલ કાર્યવાહી કરવી જોઈએ તેવી ફરીયાદ ઉઠી છે.

## પાડેળા ગામના રોડ ઉપર ચાલતા રાહદારી મહિલાને બાઈકની ટક્કરે ગંભીર ઈજા

### વધુ સારવાર અર્થે વિજયનગર દવાખાનાથી હિંમતનગર સિવિલમાં ખસેડાયા

હિંમતનગર તા.૦૬

વિજયનગર તાલુકાના પાડેળા ગામના રોડ ઉપર પુરઝડપે આવતા બાઈક ચાલકે રસ્તે ચાલતા રાહદારી મહિલાને બાઈકની અડફેટે લેતા ગંભીર ઈજા થતા હાલ હિંમતનગર સિવિલમાં સારવાર હેઠળ છે .ઈજાગ્રસ્ત મહિલાના પુત્ર દ્વારા બાઈક ચાલક વિરુદ્ધ આજરોજ વિજયનગર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

વિજયનગર તાલુકાના મોજારીયાના રહીશ વિરેન્દ્રકુમાર મંગળાજી બરંડાએ આજરોજ નોંધાવેલ ફરિયાદ મુજબ ગઈ તા.૧૫-૦૧-૨૦૨૧ના રોજ આશરે બપોરના એક વાગ્યાના સમયે ફરિયાદીની માતા કમુબેન પાડેળા ગામના રોડ ઉપર ચાલતા જતા હતરતા ત્યાર બાઈકની. ટક્કરે ગંભીર ઈજા થઈ. હતી.ચલાતું ન હોઈ ૧૦૮ મોબાઈલ દ્વારા વિજયનગર સરકારી દવાખાને .સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ફરીયાદીની માતા કમુબેનની સારવાર ચાલુ હતી. તે પછી તબીબે તપાસ કરતાં જમણા પગે ફેક્ચર હોઈ જેથી પ્રાથમીક સારવાર કરી. મારી હિંમતનગર સીવીલ હોસ્પીટલ ખાતે રીફર કરતા હિમતનગર સીવીલમાં વધુ સારવાર માટે ખેડવામાં આવ્યા હતા.

દરમિયાન આ અકસ્માત બાબતે સમાધાનની પ્રક્રિયા ચાલતી હોઈ તેમજ ફરીયાદી પણ સારવારમાં રોકાયેલ હોઈ. અને અંતે સમધનમાં કોઈ રસ્તો ન નીકળતા આજે આટલા દિવસ પછી ફરિયાદ નોંધાવી હતી.

## આસારામ કેસમાં

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગાંધીનગર કોર્ટમાં સી ડી મામલે સુનાવણી હાથ ધરવામાં આવી હતી. આ કેસની કાર્યવાહી દરમિયાન નારાયણ સાંઈની પત્નીને પણ બન્દોબસ્ત હેઠળ કોર્ટમાં લવાયા હતા જયારે આસારામને વિડીયો કોન્ફરસના માધ્યમથી જોડવામાં આવ્યા હતા.કોર્ટે આ અન્વયે આગામી તા ૨૦ માર્ચના રોજ સુનાવણી હાથ ધરવાનો પણ આદેશ કર્યો છે.

## વિધાનસભામાં

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ જમીન ફાળવણીથી સરકારને ૮,૧૦,૯૨૦ રૂ.ની આવક ૨૦૧૯ના વર્ષમાં થઈ હોવાનું મહેસુલ મંત્રીએ જણાવ્યુ હતુ.

૨૦૨૦માં ગાંધીનગર જિલ્લામાં સરકારી પડતર જમીન ૧,૪૧,૩૫૫ ચો.મી. શૈક્ષણિક હેતુ, રહેણાંકના હેતુ, કચેરીના બાંધકામ હેતુ, રોડના હેતુ અને સહકારી મંડળીના ગોડાઉન હેતુ માટે ફાળવવામાં આવી છે.

આ જમીન ફાળવણીને કારણે વર્ષ ૨૦૨૦માં રૂ. ૧,૩૫,૦૦૦ની આવક થઈ છે. બે વર્ષમાં કુલ ૫,૭૬,૧૧૦ ચો.મી. જમીનની ફાળવણી કરાઈ છે અને રૂ. ૯,૪૫,૯૨૦ની આવક થઈ છે.

**● શ્રમ કાયદાનો ભંગ**

કોંગીના બળદેવજી ઠાકોરે ૩૧-૧૨-૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જિલ્લામાં શ્રમ કાયદા અંતર્ગત કેટલા એકમોની તપાસ કરવામાં આવી તેવા લેખિત પ્રશ્નના ઉત્તરમાં શ્રમ મંત્રીએ જણાવ્યુ હતુ કે ગાંધીનગર જિલ્લામાં ૨૦૫૭ એકમોની તપાસ કરવામાં આવી.

આ તપાસ દરમ્યાન જિલ્લામાં ૩૪૯ એકમો શ્રમ કાયદાના ભંગ અનુસાર કસુરવાર જણાયા જ્યારે ૩૭૨ એકમો સામે ફોજદારી કેસો દાખલ કરવામાં આવ્યા છે.

**● નોંધાયેલ બેરોજગાર**

ઋત્વિક મકવાણાએ ગાંધીનગર જિલ્લામાં નોંધાયેલા બેરોજગારો અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં મંત્રીએ જણાવ્યુ છે કે ગાંધીનગર જિલ્લામાં ૩૧-૧૨-૨૦ની સ્થિતિએ ૬૯૬૧ બેરોજગારોની નોંધણી કરવામાં આવી છે.

જેમાં ૬૧૦૫ શિક્ષિત બેરોજગારો અને ૮૫૬ અર્ધ શિક્ષિત બેરોજગારોની નોંધણી કરાઈ છે.

સભ્યશ્રીના અન્ય એક પૂરક પ્રશ્નના ઉત્તરમાં મંત્રીએ જણાવ્યુ હતુ કે ૩૧-૧૨-૨૦ની સ્થિતિએ જિલ્લામાં ૧૬,૫૯૩ને રોજગાર વિનિમય કચેરી દ્વારા રોજગારી આપવામાં આવી છે.

૩૧-૧૨-૨૦ની સ્થિતિએ ૩૭ ને સરકારી રોજગારી અને ૧૬,૫૫૬ને ખાનગી નોકરી આપવામાં આવી છે.

**● બિનખેતીની અરજીઓ**

કોંગીના સુરેશ પટેલે ૩૧-૧૨-૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જિલ્લામાં કેટલી જમીનોમાં બિનખેતી પરવાનગી મેળવવાની અરજીઓ મળી તેવા પુછેલા લેખિત પ્રશ્નના ઉત્તરમાં મહેસુલ મંત્રીએ જણાવ્યુ હતુ કે ગાંધીનગર જિલ્લામાં ૬૮૯૧ અરજદારોએ ૪,૭૨,૧૦,૭૩૭ ચો.મી. જમીનને બિનખેતી કરવાની અરજીઓ કરી છે.

આ પૈકી ૨૦૧૯માં ૧,૮૪,૪૭,૮૦૭ ચો.મી. જમીન વર્ષ ૨૦૧૯માં મંજૂર કરવામાં આવી હતી જ્યારે ૨૦૨૦માં ૮,૩૨,૫૬૯૫ ચો.મી. જમીન મંજૂર કરવામાં આવી છે.

ગાંધીનગર જિલ્લામાં બિનખેતીની પરવાનગી આપવાથી પ્રમિયમ પેટે ૨૦૧૯ના વર્ષમાં રૂ. ૩,૫૦,૦૦,૪૭,૭૮૬ ની આવક અને વર્ષ ૨૦૨૦માં રૂ. ૧,૫૨,૭૯,૬૩,૫૬૨ની આવક થઈ છે.

## ડીસાના રાણપુરમાં મહિલાની ઈજ્જત લૂંટવા જતા ફરિયાદ

ડીસા તાલુકા ના રાણપુર આથમનાવાસ ગામે પશુઓના વાડા માં કામ કરતી પરિણીતા ની ઈજ્જત લૂંટવા નો પ્રયાસ કરતા પરણિત મહિલાએ ડીસા તાલુકા પોલિસ મથકે ફરિયાદ નોંધાવેલ. ડીસા તાલુકા ના રાણપુર આથમણાવાસ ગામે ખેતર માં રહેતી એક પરિણીતા સાંજ ના સમયે ગાયો ને વાડા માં બાંધી રહી હતી જે સમયે પરણીતા ના ઘર પાસે રહેતા નરસિંહ ભાઈ દેવાજી માળી વાડા માં આવી મહિલા નો હાથ પકડી ઈજ્જત લેવાની કોશિશ કરતા મહિલા એ બુમાબુમ કરી હતી જેથી મહિલા ની દીકરી દોડી આવેલ જેથી નરસિંહ એ પરણીતા મહિલા ને કહેલ કે તું મારી પાસે કેમ આવતી નથી જો નહિ આવે તો તને જાનથી મારી નાખીશ તેવી ધમકી આપતા ગભરાયેલા પરણીતા એ પોતાના પતિ અને ભાઈ ને સમગ્ર હકીકત થી વાકેફ કરેલ અને બાદ માં પરણીતા એ તેના ભાઈ સાથે આવી નરસિંહ ભાઈ દેવાજી માળી સામે ડીસા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવેલ જેથી પોલીસ એ ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



## બાર કાઉન્સીલ ગુજરાતના ચેરમેન તરીકે મોડાસાના હીરાભાઈ પટેલ બિનહરીફ

રાજ્યના ૮૦ હજાર વકીલોની મુખ્યસંસ્થા બાર કાઉન્સિલ ઓફ ગુજરાતમાં ચેરમેન તરીકે મોડાસાના નામાંકીત વકીલ હીરાભાઈ પટેલની સર્વાનુમતે બિનહરીફ વરણી કરવામાં આવતા રાજ્યભરના વકીલોમાં આનંદ છવાયો હતો અરવલ્લી જીલ્લાના અગ્રણી વકીલ હીરાભાઈ પટેલ છેલ્લા કેટલાય વર્ષોથી ગુજરાત બાર કાઉન્સિલના મેમ્બર તરીકે ફરજ બજાવી વકીલોની પડખે સતત ઉભા રહ્યા છે અરવલ્લી જીલ્લાના પનોતા પુત્ર હીરાભાઈ પટેલની બાર કાઉન્સિલના ચેરમેન તરીકે નિમણુંક થતા મોમેન્ટો અને ફુલહાર થી સન્માનીત કરાયા હતા. અરવલ્લી જીલ્લાના નામાંકીત વકીલ હીરાભાઈ પટેલની ગુજરાત બાર કાઉન્સીલ ચેરમેન તરીકે સર્વાનુમતે બિનહરીફ વરણી થતા અરવલ્લી જીલ્લા બાર કાઉન્સીલ અને વકીલોમાં આનંદ છવાયો હતો અને હીરાભાઈ પટેલને ફુલહાર અને મોમેન્ટો આપી સન્માનિત કરાયા હતા ગુજરાત બાર કાઉન્સીલના ચેરમેન તરીકે નિમણુંક થતા તેમને રાજ્ય બાર કાઉન્સીલના સદસ્યોનો આભાર વ્યક્ત કરી વકીલો ના રક્ષણ માટે હંમેશા કામ કરતો રહીશ તેમ જણાવ્યું હતું.

## કંપની સમાચાર

### ટાટા નેક્સોન ઈવી વેસ્ટર્ન રિજનમાં અગ્રતાની કાર તરીકે ચાલુ રહેશે

ટાટા નેક્સોન ઈવીએ ભારતમાં વેસ્ટર્ન રિજનમાં નોંધપાત્ર વૃદ્ધિ દર્શાવતાં ભારતભરમાં તેની હાજરી વિસ્તારવાનું ચાલુ રાખ્યું છે. જાન્યુઆરી-૨૦૨૦માં આરંભથી જ કંપનીએ પશ્ચિમ ભારતમાં ૩૦૦ ટકાથી વધુ વોલ્યુમ વૃદ્ધિ નોંધાવીને નાણાંકીય વર્ષ ૨૦૨૧માં ૭૪ ટકા વાયટીડીના બજાર હિસ્સા પર રાજ કરે છે. કારનો મહારાષ્ટ્ર, ગુજરાત, ગોવા અને મધ્યપ્રદેશમાં ૧૦ શહેરોમાં મહત્તમ સ્વીકાર જોવા મળ્યો છે. આ કોમ્પેક્ટ ઈલેક્ટ્રિક એસયુવીની તેની ડિઝાઈન, પોહંચક્ષમતા, પરફોર્મન્સ, ટેકનોલોજી અને એકંદરે તેના ઓછા સંચાલન ખર્ચ માટે સરાહના કરવામાં આવી રહી છે. આ વૃદ્ધિ ઈવી માટે વધતી જાગૃતિ, વધતા ચાર્જિંગ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, પ્રોત્સાહનજનક સરકારી પહેલો, ઈવી ફરતેની ખોટી માન્યતાઓ દૂર થવાથી અને વાહનના નિર્વિવાદ લાભોને આભારી છે.

ટાટા નેક્સોન ઈવી માટે એકધારી વૃદ્ધિ અને સરાહના પર બોલતાં ટાટા મોટર્સના ઈલેક્ટ્રિક વેહિકલ બિઝનેસ યુનિટના સેલ્સ, માર્કેટિંગ અને કસ્ટમર કારના હેડ રમેશ દોરાઈરાજને જણાવ્યું હતું કે નેક્સોન ઈવી ઈલેક્ટ્રિક વાહન ક્ષેત્રમાં અમારે માટે પરિવર્તનકારી પ્રોડક્ટ બની ગઈ છે. ગયા વર્ષે લોન્ચ કરાઈ ત્યારથી ગ્રાહકો અને ઉદ્યોગે પણ તેની ભારે સરાહના કરી છે. રોમાંચક કામગીરી, શૂન્ય ઉત્સર્જન સાથે કનેક્ટેડ ડ્રાઈવ અનુભવ અને પહોંચક્ષમ કિંમત સાથે નેક્સોન ઈવીએ દેશમાં અનેક રાજ્ય સરકારી સંસ્થાઓ માટે તેને અગ્રતાની કાર બનાવી દીધી છે. અમને આશા છે કે આગામી વર્ષોમાં ઈલેક્ટ્રિક ભવિષ્ય માટે અનિવાર્ય જરૂરતો સંબંધમાં ગ્રાહકોમાં જાગૃતિને પ્રોત્સાહન આપીને ભારતમાં ઈલેક્ટ્રિકલ વેહિકલ્સ અપનાવવા માટે યોગદાન આપવા આ વૃદ્ધિનો અમે લાભ લઈ શકીશું એવી આશા છે. ટાટા મોટર્સ પશ્ચિમ ભારતમાં ૨૪ સેલ્સ આઉટલેટ્સ અને ઝોનને આવરી લેતા ૨૯ ટકા અધિકૃત સર્વિસ સેટઅપ્સ સાથે મજબૂત નેટવર્ક હાજરી ધરાવે છે. દરેક વાહન સાથે આવતાં મફત હોમ-ચાર્જિંગ સમાધાન ઉપરાંત ગ્રાહકોને શહેરમાં અને મુંબઈ-પુણે-નાસિક, પુણે-ઔરંગાબાદ, પુણે-કોલ્હાપુર, સુરત-અમદાવાદ અને અમદાવાદ-રાજકોટ જેવા અમુક મુખ્ય વશ્ચિમી ભાગોમાં સ્થિત ૪૬ ફાસ્ટ-ચાર્જિંગ સ્ટેશનોને પણ પહોંચ મળે છે.

## ગુંદરી ચેકપોસ્ટ પરથી ખનીજ ચોરી કરતા ૩ ટ્રેઈલર ઝડપાયા

### રૂ.૧.૨૦ કરોડનો મુદ્દામાલ જપ્ત કરી રૂ.૧૨.૮૦ લાખનો દંડ વસુલ કરાયો




સરહદી બનાસકાંઠા જિલ્લામાં ખનીજ ચોરીઓ થતી હોવાની વ્યાપક ફરિયાદો વચ્ચે ખાણ ખનીજ વિભાગ દ્વારા ગૂંદરી ચેક પોસ્ટ પરથી ખનિજ ચોરી કરતા ત્રણ ટ્રેઈલરને ઝડપી લીધા હતા. દરમિયાન, રૂ.૧.૨૦ કરોડનો મુદ્દામાલ જપ્ત કરી રૂ.૧૨.૮૦ લાખ દંડ વસુલ કરાયો હતો. ખાણ ખનીજ વિભાગની કાર્યવાહીને પગલે ખનીજ ચોરી કરતા તત્વોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.

ભૂસ્તર શાસ્ત્રી સુભાષ જોષીની સુચનાથી સ્ટાફ દ્વારા ગૂંદરી ચેક પોસ્ટ ઉપર ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતુ. જેથી સેલપાસ ખનિજ ભરી આવી રહેલા ત્રણ ટ્રેલરને રોકાવી તેમની પાસે રોયલ્ટી પાસની માગણી કરતા રોયલ્ટી પાસ ન હોવાથી ગેરકાયદેસર ખનિજનું વહન કરતા હોવાનું જાણવા મળ્યુ હતુ.

જેથી ભૂસ્તર શાખા રૂ.૧.૨૦ કરોડનો મુદ્દામાલ જપ્ત કરી પાંથાવાડા પોલીસ સ્ટેશન ખાતે મુકાવી તેમની પાસેથી રૂ.૧૨.૮૦ લાખ દંડ વસુલવામાં આવ્યો હતો. જેના પગલે ખનિજ ચોરી કરતા તત્વોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.

## શ્રેણી જીતી

● અનુસંધાન પહેલાનું ચાલુ

બીજા દાવમાં ઈંગ્લેન્ડની શરૂઆત અત્યંત ખરાબ રહી હતી. તેના ટોચના ત્રણ બેટ્સમેન સસ્તામાં આઉટ થઈ ગયા હતા. જેમાં ઓપનર જેક ક્રાઉલી પાંચ રન નોંધાવીને આઉટ થયો હતો તો જોની બેરસ્ટો ખાતુ પણ ખોલાવી શક્યો ન હતો. તે પ્રથમ બોલ પર જ આઉટ થઈ ગયો હતો. અશ્વિને આ બંને બેટ્સમેનોને પેવેલિયન ભેગા કર્યા હતા. ઈંગ્લેન્ડ આ આઘાતમાંથી બહાર આવે તે અગાઉ અક્ષર ત્રાટક્યો હતો અને તેણે ઓપનર ડોમિનિક સિબ્લી અને બેન સ્ટોક્સને પોતાના શિકાર બનાવ્યા હતા. સિબ્લી ત્રણ અને સ્ટોક્સ બે રન નોંધાવીને આઉટ થયા હતા. આમ ઈંગ્લેન્ડે ૩૦ રનમાં પોતાની ચાર વિકેટ ગુમાવી દીધી હતી.

## કાળો દિવસ

● અનુસંધાન પહેલાનું ચાલુ

સમસ્યાઓનો નિવેડો લાવી શકાયો નથી, અત્રે ઉલ્લેખનિય છે કે અત્યાર સુધી ૭૦થી વધુ ખેડુતોનું મોત થઈ ચુક્યું છે.

દરમિયામાં કૃષિ ખેડૂતોને પરત લેવાની માગણી લઈ દિલ્હીની સરહદ પર બેઠેલા ખેડૂત આંદોલનને ૧૦૦ દિવસ પૂરા થઈ ગયા છે. આ દરમિયાન હરિયાણાના જજ્જર જિલ્લા પાસે ઢાંસા બોર્ડર પર ચાલી રહેલા ધરણાં દરમિયાન એક વિદ્યાર્થિનીએ ખેડૂત નેતા રાકેશ ટિકૈતને એવો સવાલ પૂછી લીધો કે તેમની બોલતી બંધ થઈ હતી. તેઓ કંઈ જ જવાબ આપી શક્યા નહોતાં.

જે પછી ખૂબ જ હંગામો મચ્યો હતો અને વિદ્યાર્થિનીનું માઈક પણ બંધ કરાવવામાં આવ્યુ હતું. સ્ટેજ પર પહોંચેલી વિદ્યાર્થિનીએ કહ્યું કે,રાકેશ ટિકૈતે એ તો જણાવ્યું કે કૃષિ કાયદાથી કેટલું નુકસાન થશે પરંતુ તેઓ કહી રહ્યાં છે કે જ્યાં સુધી સરકાર માંગણી પૂરી ન કરે ત્યાં સુધી અમે સરકાર વિરુદ્ધ બેઠા રહીશું.

જોકે, પછી કેટલાક ખેડૂત નેતા આવ્યા અને વિદ્યાર્થિનીને સમજાવવા લાગ્યા હતાં.

## એરબેગ

● અનુસંધાન પહેલાનું ચાલુ

શુક્રવારના રોજ કહ્યું કે એરબેગને ફરજીયાત કરવાની જોગવાઈના સંબંધમાં ગેઝેટ નોટિફિકેશન રજૂ કરી દેવાયું છે. મંત્રાલયે નિવેદન રજૂ કરીને કહ્યું કે વાહનોમાં આગળ ડ્રાઈવરની સીટની સાથે બેસનાર પેસેન્જર્સ માટે એરબેગને ફરજીયાત કરવાના સંબંધમાં ગેઝેટ નોટિફિકેશન રજૂ કરી દેવાયું છે. આ એક મહત્વપૂર્ણ સુરક્ષા ઉપાય છે. સુપ્રીમ કોર્ટની રસ્તા સુરક્ષા પર સમિતિ આ અંગે ભલામણ કરી હતી.